# ENVIRONMENT, HEALTH & SAFETY (EHS) POLICY

We are ***Alembic Pharmaceuticals Limited,*** a Company that is dedicated to improving the health and well-being of people around the world through the development and delivery of high-quality medicines. We recognize that our business activities have an impact on the environment, health and safety (EHS) of our employees, contractors, customers, suppliers, business partners, investors, communities and other stakeholders. Therefore, we are committed to manage our business in a responsible and ethical manner, ensuring that we meet or exceed all applicable EHS laws, regulations and standards, in the territories we operate.

**Our EHS commitments are based on the following principles:**

- We integrate EHS considerations into our business strategy, decision-making and risk management processes.
- We establish and maintain an effective EHS management system that defines our roles, responsibilities, objectives, targets, indicators, programs, procedures, audits, reviews and reporting mechanisms.
- We strive to prevent or minimize any adverse EHS impacts of our operations and products throughout their life cycle, from research and development to manufacturing, distribution, use and disposal.
- We endeavor to go beyond compliance with all EHS laws, regulations, industry standards and adopt best practices from nationally and internationally available standards.
- We assess and control risks and eliminate potential hazards, with the participation and consultation of all associates that can impact our EHS performance, protect the surrounding environment, innovate our work-practices and commitment to EHS standards through conservation of natural resources and prevention of pollution, considering the life cycle perspective.
- Development of newer, safer and cleaner technologies continually, to attain the best practices in sustainability, leaving a better world for tomorrow by reducing our environmental footprint.
- We provide a safe, healthy and clean work environment for our employees and contractors and protect them from potential hazards and occupational illnesses. We also develop, implement and maintain appropriate emergency response procedures and business continuity capabilities.
- We promote well-being and personal development through various initiatives and programs.
- We foster a culture of EHS awareness, responsibility and excellence among our employees and contractors and provide them with appropriate training and resources. We also encourage them to report any EHS incidents or concerns without fear of retaliation.
- We engage with our suppliers and business partners to ensure that they comply with our EHS expectations and support them in improving their EHS performance.
- We communicate openly and transparently with our stakeholders on our EHS performance and progress and seek their feedback and collaboration for continuous improvement.

We monitor and measure our EHS performance regularly and report it annually. We ensure that this policy is aligned with our corporate vision, mission, values and goals and that it is reviewed periodically to ensure its relevance and effectiveness. We also ensure that this policy is communicated to all our employees, contractors, customers, suppliers, business partners, investors, communities and other stakeholders.

**Date: - 01/04/2024**

**Rajkumar Baheti**
**Director**

Alembic
Touching Lives over 100 years

# પર્યાવરણ, સ્વાસ્થ્ય અને સલામતી (ઇએચએસ) નીતિ

અમે '*એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ*' એક એવી કંપની છીએ જે ઉચ્ચ ગુણવત્તાની દવાઓના વિકાસ અને વિતરણ દ્વારા વિશ્વભરના લોકોના સ્વાસ્થ્ય અને સુખાકારીને સુધારવા માટે સમર્પિત છે. અમે જાણીએ છીએ કે અમારી વ્યવસાયિક પ્રવૃત્તિઓ અમારા કર્મચારીઓ, કોન્ટ્રાક્ટરો, ગ્રાહકો, સપ્લાયર્સ, વ્યવસાયિક ભાગીદારો, રોકાણકારો, સમુદાયો અને અન્ય હિતધારકોના પર્યાવરણ, સ્વાસ્થ્ય અને સલામતી (ઇએચએસ) પર અસર કરે છે. તેથી, અમે અમારા વ્યવસાય માટે જવાબદારીપૂર્વક અને નૈતિક રીતે પ્રતિબદ્ધ છીએ, એ સુનિશ્ચિત કરીએ છીએ કે કાર્યક્ષેત્રમાં અમે લાગુ પડતા અથવા તે ઉપરાંત તમામ ઇએચએસ કાયદાઓ, નિયમો અને ધોરણોને પૂર્ણ કરીએ છીએ.

**અમારી ઇએચએસ પ્રતિબદ્ધતાઓ નીચે આપેલા સિદ્ધાંતો પર આધારિત છે:**

- અમે અમારા વ્યવસાય સંબંધિત વ્યૂહરચનામાં, નિર્ણય લેવામાં અને જોખમના વ્યવસ્થાપનની પ્રક્રિયાઓમાં ઇએચએસ વિચારણાઓને એકીકૃત કરીએ છીએ.
- અમે અમારી ભૂમિકાઓ, જવાબદારીઓ, ઉદ્દેશ્યો, લક્ષ્યો, સૂચકો, પ્રોગ્રામ્સ (કાર્યક્રમો), પ્રક્રિયાઓ, ઑડિટ, સમીક્ષાઓ અને રિપોર્ટિંગ પદ્ધતિઓને વ્યાખ્યાયિત કરતી અસરકારક ઇએચએસ વ્યવસ્થાપન પદ્ધતિની સ્થાપના અને જાળવણી કરીએ છીએ.
- અમે અમારી કામગીરી અને ઉત્પાદનોની ઇએચએસ પર કોઈપણ પ્રતિકૂળ અસરોને તેમના સમગ્ર જીવન ચક્ર દરમિયાન, જેમ કે સંશોધન અને વિકાસથી લઈને ઉત્પાદન, વિતરણ, ઉપયોગ અને નિકાલ સુધી અટકાવવા અથવા ઘટાડવાનો પ્રયાસ કરીએ છીએ.
- અમે તમામ ઇએચએસ કાયદાઓ, નિયમો, ઉદ્યોગના ધોરણોના પાલનથી પણ આગળ વધવાનો પ્રયાસ કરીએ છીએ અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉપલબ્ધ ધોરણોમાંથી શ્રેષ્ઠ પદ્ધતિઓ અપનાવીએ છીએ.
- અમે અમારા ઇએચએસ પ્રદર્શનને અસર કરી શકે તેવા તમામ સહયોગીઓની સહભાગિતા અને પરામર્શ સાથે જોખમોનું મૂલ્યાંકન અને નિયંત્રણ કરીએ છીએ અને સંભવિત જોખમોને દૂર કરીએ છીએ. જીવન ચક્રના પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીને, કુદરતી સંસાધનોનું સંરક્ષણ કરીને અને પ્રદૂષણની અટકાવીને આસપાસના પર્યાવરણને સુરક્ષિત કરીએ છીએ, અમારી કાર્ય-પદ્ધતિઓમાં નવીનતા લાવીએ છીએ અને ઇએચએસ ધોરણો પ્રત્યે પ્રતિબદ્ધ રહીએ છીએ.
- આપણા પર્યાવરણ પર થતી અસરોને ઘટાડીને ભવિષ્ય સુધારવા માટે, સસ્ટેનેબીલીટીના શ્રેષ્ઠ પ્રયાસો પ્રાપ્ત કરવા માટે નવી, સલામત અને સ્વચ્છ તકનીકોનો સતત વિકાસ કરીએ છીએ.
- અમે અમારા કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરો માટે સલામત, સ્વસ્થ અને કામ માટે સ્વચ્છ વાતાવરણ પૂરું પાડીએ છીએ અને તેમને સંભવિત જોખમો અને વ્યવસાયિક બીમારીઓથી બચાવીએ છીએ. અમે કટોકટીના પ્રતિભાવની યોગ્ય પ્રક્રિયા અને વ્યવસાયની સાતત્ય ક્ષમતાઓ વિકસાવીએ છીએ, અમલમાં મૂકીએ છીએ અને જાળવીએ છીએ.
- અમે વિવિધ પહેલો અને કાર્યક્રમો દ્વારા સુખાકારી અને વ્યક્તિગત વિકાસને પ્રોત્સાહન આપીએ છીએ.
- અમે અમારા કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરોમાં ઇએચએસ જાગૃતિ, જવાબદારી અને શ્રેષ્ઠતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપીએ છીએ અને તેમને યોગ્ય તાલીમ અને સંસાધનો પ્રદાન કરીએ છીએ. અમે તેમને પ્રતિકારના ભય વિના ઇએચએસ સંબંધિત કોઈપણ ઘટનાઓ અથવા ચિંતાઓની જાણ કરવા માટે પણ પ્રોત્સાહિત કરીએ છીએ.
- અમારા સપ્લાયર્સ અને વ્યાવસાયિક ભાગીદારો અમારા ઇએચએસ અપેક્ષાઓનું પાલન કરે છે તેની ખાતરી કરવા માટે તેમની સાથે જોડાઈએ છીએ અને તેમના ઇએચએસ સબંધિત કાર્યને સુધારવામાં સમર્થન આપીએ છીએ.
- અમે ઇએચએસ સંબંધિત અમારા કાર્ય અને પ્રગતિ પર અમારા હિતધારકો સાથે મુક્તપણે અને પારદર્શક રીતે માહિતિસંચાર કરીએ છીએ અને સતત સુધારણા માટે તેમનો પ્રતીભાવ અને સહયોગ માંગીએ છીએ.

અમે ઇએચએસ સંબંધિત અમારા કાર્યનું નિયમિતપણે નિરીક્ષણ અને માપન કરીએ છીએ અને વાર્ષિક અહેવાલ રજૂ કરીએ છીએ. અમે ખાતરી કરીએ છીએ કે આ નીતિ અમારા કોર્પોરેટ દ્રષ્ટિ, ધ્યેય, મૂલ્યો અને લક્ષ્યાંકો સાથે સંરેખિત છે અને તેની સુસંગતતા અને અસરકારકતાની ખાતરી કરવા માટે તેની સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે. આ નીતિ અમારા તમામ કર્મચારીઓ, કોન્ટ્રાક્ટરો, ગ્રાહકો, સપ્લાયર્સ, વ્યવસાયિક ભાગીદારો, , રોકાણકારો, સમુદાયો અને અન્ય હિતધારકોને જણાવવામાં આવે એ પણ અમે સુનિશ્ચિત કરીએ છીએ.

રાજકુમાર બહેતી
ડિરેક્ટર (નિયામક)

તારીખ:- ૦૧/૦૪/૨૦૨૪